# હવે માન દરવાજામાં ગટરિયા પૂર

**દેશના** સૌથી સ્વચ્છ શહેર નહીં પરંતુ નરકમાં રહી રહ્યા હોવાનો ખ્વાજાનગરના રહીશોનો અનુભવ



સુરતઃ શહેરના માન દરવાજા વિસ્તારમાં આવેલ ખ્વાજા નગરમાં છેલ્લા લાંબા સમયથી ગટરિયા પુરની ગંભીર સમસ્યા યથાવત રહેતા સેંકડો પરિવારો નર્કાગાર પરિસ્થિતિમાં જીવવા માટે મજબૂર બન્યા છે. મહાનગર પાલિકાના ડ્રેનેજ વિભાગની લાપરવાહી સામે હવે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ગલીઓ અને રસ્તાઓમાં સતત ભરાયેલું ગંદુ તથા દુર્ગંધયુક્ત ડ્રેનેજનું પાણી લોકોને ઘર બહાર નીકળવું પણ મુશ્કેલ બનાવી રહ્યું છે. પરિસ્થિતિ એટલી દયનીય બની ચૂકી છે કે, વિસ્તારના માસુમ બાળકોને ગટરિયા પાણીમાંથી પસાર થઈને શાળાએ જવું પડી રહ્યું છે. રોજિંદા જીવનમાં વાહનચાલકો અને રાહદારીઓ માટે પણ આ વિસ્તાર ત્રાસદાયક બની ગયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વારંવાર ફરિયાદો અને રજૂઆતો કરવા છતાં મનપાનું ડ્રેનેજ વિભાગ જાણે કુલડીમાં ગોળ ભાંગી રહ્યું હોય તેવી સ્થિતિ છે.

તાજેતરમાં કોટ વિસ્તારમાં આવેલ કાદરશાની નાળ અને આસપાસના વિસ્તારોમાં બે દિવસ સુધી ગટરિયા પુર સર્જાતા ડ્રેનેજ વિભાગની કામગીરી સામે પ્રશ્નો ઊભા થયા હતા. એ જ રીતે ખ્વાજા નગરમાં લાંબા સમયથી સમસ્યા હોવા છતાં કોઈ કાયમી ઉકેલ ન આવતા સ્થાનિકોમાં આક્રોશ વધી રહ્યો છે.

ડ્રેનેજના ગંદા પાણીના કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. વિશેષ ચિંતાજનક બાબત એ છે કે ખ્વાજા નગરમાં મસ્જિદ સહિતના ધાર્મિક સ્થળો આવેલ છે. ગટરિયા પુરને કારણે ધાર્મિક સ્થળોની આસપાસ ગંદકી અને દુર્ગંધ ફેલાતાં લોકોની લાગણીને ઠેસ પહોંચી રહી છે. સ્થાનિકોએ આ બાબતે કોર્પોરેટરોને પણ રજૂઆત કરી હોવાનું જણાવ્યું છે, પરંતુ ત્યાંથી પણ કોઈ નક્કર કાર્યવાહી થતી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

## માત્ર ચાર લાખના ખર્ચમાં વકીલમંડળની ચૂંટણી સંપન્ન થઈ

સુરતઃ જાન્યુઆરી મહિનામાં સુરત જિલ્લા વકીલમંડળના ચુંટાયેલા નવા પદાધિકારીઓને ચાર્જ અપાશે. હાલના પદાધિકારીઓની પૂર્ણ થતી ટર્મ આડે હજુ ૧૧ દિવસ બાકી છે. હાલના વકીલમંડળના પદાધિકારી સહિતનાની ટર્મ ડિસેમ્બરના અંતમાં પૂર્ણ થાય છે. ત્યારબાદ નવા વર્ષના જાન્યુઆરી માસમાં સુરત જિલ્લામંડળની બેઠક મળશે અને નવા પ્રમુખ સહિતના પદાધિકારીઓને ચાર્જ અપાશે તેમ વકીલમંડળનાં સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. વકીલમંડળની આ ચૂંટણીમાં અંદાજે ચાર લાખ રૂપિયાનો ખર્ચ થયો હોવાનું જાણવા મળ્યું છે. ૧૦૦ જેટલા વકીલો આ ચૂંટણી પ્રક્રિયામાં સંકળાયેલા હતા. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કરવામાં આવેલા ખર્ચમાં મતપત્રકોની છપામણી, ચૂંટણી સમયે મંડપ વ્યવસ્થા અને જમણવાર સહિતનો સમાવેશ થાય છે.

# કોટેજના નામે ચાલતા ગોરખ ધંધાની પ્રભારી મંત્રીને રાવ

**કોટેજના** નામે ગેરકાયદે બાંધકામોને પ્રોટેક્શન આપતા શાસકો બેકફૂટ પર હોવાની આશંકા

સુરતઃ આગામી સુરત મહાનગર પાલિકાની ચૂંટણી પૂર્વે શહેરમાં કોટેજ ઇન્ડસ્ટ્રિઝના નામે ચાલતા ગેરકાયદે ઇન્ડસ્ટ્રિયલ બાંધકામ મુદ્દે રાજકારણ ગરમાયું છે. રહેણાક વિસ્તારમાં કોટેજ ઇન્ડસ્ટ્રિઝની વિકાસ પરવાનગી મેળવી કરોડો રૂપિયાનું ઇન્ડસ્ટ્રિયલ બાંધકામ તાણી દેવામાં આવી રહ્યું હોવાની ચર્ચાઓએ શાસકો માટે મુશ્કેલી ઊભી કરી છે. સણિયાહેમાદ સહિત શહેરના અનેક વિસ્તારોમાં અમુક વગદાર રાજકીય નેતાઓની સેહ-શરમથી કરોડોનો "કદડો" કરવામાં આવ્યો હોવાની ચર્ચાઓ વચ્ચે વિવાદ સતત વકરતો જઈ રહ્યો છે. તેથી શનિવારે પ્રભારી મંત્રી કનુભાઇ દેસાઇની સાથે મનપાના પદાધિકારીઓ અને ધારાસભ્યોની સંકલનની મિટિંગમાં આ મુદ્દો કેન્દ્ર સ્થાને રહ્યો હતો. સણિયાહેમાદ ગામમાં કોટેજ ઇન્ડસ્ટ્રિઝના નામે થયેલા મોટા પાયાનાં ઇન્ડસ્ટ્રિયલ બાંધકામો સામેનો મામલો મુખ્યમંત્રીના દરબાર સુધી પહોંચ્યો છે.

શહેરના નવા સમાવિષ્ટ વિસ્તારોમાં રહેણાક સોસાયટીઓની બાજુમાં કોટેજ ઇન્ડસ્ટ્રિઝના બહાને ભારે મશીનરી, ગોડાઉન અને ઇન્ડસ્ટ્રિયલ પ્રવૃત્તિઓ શરૂ થતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે, રહેણાક વિસ્તારમાં ઔદ્યોગિક પ્રવૃત્તિથી અવાજ, પ્રદૂષણ અને ટ્રાફિકની સમસ્યા વધી રહી છે, છતાં મનપા તંત્ર અને ઝોન કચેરી આંખ આડા કાન કરી રહી છે.આ ગરમાયેલા મુદ્દે શનિવારે સુરતના પ્રભારી મંત્રી અને રાજ્ય સરકારના કેબિનેટ કક્ષાના શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈની અધ્યક્ષતામાં સરકીટ હાઉસ ખાતે યોજાયેલી સંકલન બેઠકમાં મનપાના પદાધિકારીઓ અને ધારાસભ્યોએ એકસૂરથી નારાજગી વ્યક્ત કરી હતી. પ્રભારી મંત્રી સાથેની સંકલન બેઠકમાં ધારાસભ્યો અને મનપાના પદાધિકારીઓ દ્વારા સ્પષ્ટ રીતે જણાવાયું હતું કે, કોટેજ ઇન્ડસ્ટ્રિઝ માટે મંજૂર પ્લાનનો ઉપયોગ મૂળ હેતુ મુજબ થતો નથી. હેતુફેર કરીને કરાયેલાં બાંધકામો સામે તપાસ અને કડક કાર્યવાહી કરવાની તેમજ શક્ય હોય તો રહેણાક ઝોનમાં કોટેજ ઇન્ડસ્ટ્રિઝ માટે વિકાસ પરવાનગી આપવાની જોગવાઈ પર પુનર્વિચાર કરવાની માંગ ઊઠી હતી.

## બે જણાંનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ સુરત શહેરમાં બે યુવતીઓ જુદા જુદા કારણસર આત્મહત્યા કરી લીધી હતી. અમરોલી ખાતે વર્ધમાન સોસાયટીમાં આવેલી છોટુ કાકાની ચાલમાં રહેતી ૨૦ વર્ષીય યુવતી આરતીએ ઘરમાં લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આરતી ભંગારની લારી ચલાવતા પિતાની પુત્રી હતી અને ઘરકામ કરી માતાને મદદરૂપ થતી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતીએ પ્રેમ-પ્રકરણમાં તણાવના કારણે આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અમરોલી પોલીસ દ્વારા આ મામલે ઊંડાણપૂર્વક તપાસ ચાલુ છે. પાંડેસરા વિસ્તારમાં નેમનગરમાં રહેતા મૂળ બિહારના વતની ૨૫ વર્ષીય નીતિશ ઈશ્વરદયાળ રાયે રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી આપઘાત કર્યો હતો. નીતિશ એમ્બ્રોઇડરી ખાતામાં કામ કરતો હતો અને છેલ્લા ત્રણ દિવસથી ડિપ્રેશનમાં હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. આ બનાવ અંગે પાંડેસરા પોલીસે તપાસ શરૂ કરી છે.

# ગુડ્સ લિફ્ટ તૂટી, એક કૂદી પડ્યો, બેને ઈજા

**ત્રણ** જણા સામાન લોડ કરતા હતા ત્યારે અચાનક દુર્ઘટના સર્જાઈ

સુરતઃ ઉધના ખાતે શેમ્પુના કારખાનામાં ત્રણ માળેથી માલસામાન નીચે ઊતરતી વખતે ગુડ્સ લિફ્ટ તૂટી ગઈ હતી. લિફ્ટમાં સવાર ત્રણ કામદાર પૈકી બે કામદારને ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે અન્ય એક કામદાર ચાલુ લિફ્ટમાંથી નીચે કૂદી ગયો હતો. જેથી તેનો આબાદ બચાવ થયો હતો.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ ઉધના વિસ્તારમાં આવેલા શિવશક્તિ નગરમાં રહેતા 28 વર્ષિય ભાવેશ સતીષ પટેલ અને ઉધના ઉદ્યોગ નગરમાં રહેતા 42 વર્ષીય જયસિંહ મનુસિંહ ખેંગાર ઉદ્યોગનગરમાં આવેલા મુગ્ધા શેમ્પુના કારખાનામાં કામ કરે છે. જયસિંહ સુપરવાઈઝર તરીકે કામ કરે છે અને ભાવેશ તેના જુનિયર તરીકે કામ કરે છે. શુક્રવારે બપોરે નિત્યક્રમ મુજબ કારખાનાના બીજા માળેથી માલ-સામાન નીચે લાવવાનો હતો. આ ત્રણેય ગુડ્સ લિફ્ટમાં ત્રણેય લોકો માલસામાન લોડ કરી નીચે જવાની તૈયારી કરી રહ્યા હતા. એ સમયે અચાનક ગુડ્સ લિફ્ટ તૂટી ગઈ હતી. ત્યારે સંદીપે લિફ્ટમાંથી છલાંગ મારી બીજા માળના ફ્લોર પર કૂદી ગયો હતો. પરંતુ જયસિંહ અને ભાવેશ લિફ્ટ સાથે નીચે પટકાયા હતા.

ઘટનાને પગલે કારખાનાના કર્મચારીઓ અને માલિકો દોડી આવ્યા હતા. બાદમાં ઈજાગ્રસ્ત હાલતમાં બંનેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં જયસિંહને પગના ભાગે અને ભાવેશને બંને પગે ઈજા પહોંચી હોવાથી હાલ બંને જણાની સારવાર નવી સિવિલ હોસ્પિટલમાં ચાલી રહી છે.

## પાંડેસરામાં બે સંતાનના પિતાનો આર્થિક સંકડામણમાં આપઘાત

આ ઉપરાંત પાંડેસરા ચીકુવાડી સ્થિત આશીર્વાદ સોસાયટીમાં રહેતા બે સંતાનના પિતા ૩૧ વર્ષીય મિતેષ જશવંતભાઈ પટેલે પણ ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. મિતેષ ઉધના વિસ્તારમાં આવેલી કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણને કારણે આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં વેપાર-ધંધામાં મંદી હોવાના કારણે લોકો આર્થિક તંગી અનુભવી રહ્યા છે. ત્યારે કેટલાક લોકો તનાવમાં આવી જઈને જીવન પણ ટૂંકાવી રહ્યાં છે.

# શ્રી પટેલ પ્રગતિમંડળના ચૂંટણીઅધિકારી સામે રાવ

સુરતઃ શ્રી પટેલ પ્રગતિમંડળની ચૂંટણીનો વિવાદ વકરતો જાય છે. ચૂંટણી પ્રક્રિયામાં ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવી રહેલી બેદરકારી અને પક્ષપાત બાબતે તત્કાળ કાર્યવાહી કરવા આસિસ્ટન્ટ ચેરિટી કમિશનર મુંબઈને ઈ મેઈલ દ્વારા ફરિયાદ કરાઈ છે. સમાજ વિકાસ પેનલના યોગેન્દ્રભાઈ દલસુખભાઈ પટેલ (ઉમેદવાર) તથા અન્ય ઉમેદવારોએ ફરિયાદ પત્રમાં જણાવ્યું હતું કે, શ્રી પટેલ પ્રગતિમંડળની જાન્યુઆરી-2026થી ડિસેમ્બર-2028નાં ત્રણ વર્ષના સમયગાળા માટે યોજાનારી ચૂંટણી પ્રક્રિયામાં ચૂંટણી અધિકારી દીપકકુમાર બી. કાપડિયા દ્વારા ગંભીર અનિયમિતતા અને પક્ષપાત કરવામાં આવી રહ્યો છે. જયંતીભાઈ બી.પટેલ, ભગુભાઈ કે.પટેલ તથા રમેશચંદ્ર જે.પટેલની ચૂંટણી કન્વીનર તરીકે નિમણૂક કરવા માટે અરજી કરવામાં આવી હતી. પણ ખોટા આક્ષેપો કરી ચૂંટણી અધિકારી દીપકકુમાર બી. કાપડિયા દ્વારા અરજી નામંજૂર કરવામાં આવી હતી. તેમજ ત્રણ ઉમેદવારી ફોર્મ ખોટી રીતે નીતિનિયમો વિરુદ્ધ જઈ નામજૂર કરવામાં આવેલ હતા. ચૂંટણી અધિકારી ચૂંટણી કાર્યાલય ખાતે નિયમો મુજબ હાજર રહેતા નથી અને તેમની વર્તણૂક યોગ્ય નથી.

# ઓમાનમાં જ્વેલરી પર ઝીરો ડ્યૂટીથી હીરાને એક્સેસ મળશે

**ભારત** અગાઉથી જ ઓમાનને ગોલ્ડ જ્વેલરીનો સૌથી મોટો સપ્લાયર છે

સુરતઃ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી)ના મતે ભારત-ઓમાન કોમ્પ્રેહેન્સિવ ઈકોનોમિક પાર્ટરશિપ એગ્રિમેન્ટ (સીઈપીએ) કે જે અંતર્ગત ઓમાનમાં ભારતમાંથી જેમ્સ અને જ્વેલરીની આયાત પર ઈમ્પોર્ટ ડ્યુટીને નાબૂદ કરી છે તેને લીધે બંને દેશ વચ્ચે થતી નિકાસમાં નોંધપાત્ર પ્રમાણમાં વૃદ્ધિ થશે તથા બંને દેશો વચ્ચે પ્રત્યક્ષ વ્યાપાર સંબંધોને વધુ મજબૂતી મળે તેવી આશા છે.

ભારતની ઓમાનમાં જેમ એન્ડ જ્વેલરીની નિકાસ અત્યારે 35 મિલિયન યુએસ ડોલર રહી છે(વર્ષ 2024). સીઈપીએ અંતર્ગત ડ્યુટી-ફ્રી એક્સેસ મળવાથી જીજેઈપીસીને એવો અંદાજ છે કે વધારી સારી કિંમતની સ્પર્ધાત્મકતા, વધારે ઉત્પાદનોને લગતા વિકલ્પો તથા ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે વધુ સારા સહયોગને લીધે આગામી ત્રણ વર્ષમાં નિકાસ વધીને 150 મિલિયન યુએસ ડોલર સુધી પહોંચી શકે છે.

જીજેઈપીસીના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે, "ભારત-ઓમાન સીઈપીએ પ્રત્યક્ષ વ્યાપાર સંબંધોને મજબૂત કરશે અને ઓમાનમાં ભારતના જેમ અને જ્વેલરીની નિકાસ વધારવા માટે એક મુખ્ય માધ્યમ છે.ઝીરો ડ્યુટી એક્સેસથી ભારતીય નિકાસકારો માટે સ્પર્ધાત્મકતામાં ઘણો સુધારો થશે તથા ડાયરેક્ટ સોર્સિંગને ઉત્તેજન મળશે. અમે પોલિશ્ડ ડાયમંડ્સ અને ગોલ્ડ જ્વેલરી માટે ગ્રોથ સારી એવી તક જોઈ રહ્યા છીએ, આ સાથે ચાંદી, પ્લેટિનમ તથા ઈમિટેશન જ્વેલરીની માંગ વધી રહી છે.

# 200 રૂપિયા માટે 28 વર્ષ પહેલા ખૂની હુમલો કરનારા મુંબઈથી ઝડપાયા

**વર્ષ-**1998માં સંજયકુમાર નાયકની હત્યા થઈ હતી, 17 વર્ષે કરેલો ગુનો 45 વર્ષે નડ્યો

સુરતઃ 28 વર્ષ પહેલાં એટલે કે 1998માં, જ્યારે સુરતના ઉધના વિસ્તારમાં માત્ર 200 રૂપિયાના મામૂલી ઝઘડામાં જીવલેણ હુમલો થયો હતો. જે બાબતે 1998ના ખૂનની કોશિશ અને રાયોટિંગનો ગુનો નોંધાયો હતો. જેમાં સંડોવાયેલા બે આરોપી ભાઈઓ મુંબઈમાં સંતાયા હોવાની બાતમીના આધારે મુંબઈના બસ સ્ટેન્ડ અને જાહેર રસ્તાઓ પર રાતો ગુજારી વેશપલટો કરી અને સામાન્ય નાગરિકોની જેમ રસ્તાઓ પર રાતભર વોચ ગોઠવી પોલીસે આખરે બંને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે, ઉધના વિસ્તારમાં આવેલા પટેલનગરમાં સંજયકુમાર નિત્યાનંદ નાયક રહેતા હતા. 200 રૂપિયા માટે તેમણે મહાદેવનગર પાસે આ મામૂલી રકમ માટે આરોપીઓએ સંજયકુમાર પર જીવલેણ હુમલો કર્યો હતો. ત્યારબાદ બંને ફરાર થઈ ગયા હતાં.. ત્રણ દાયકા બાદ પોલીસે બંનેને ઝડપી પાડ્યા છે. આરોપી સમીર નરિહરી ભોલા (ઉં.વ.47) તે છેલ્લાં 16 વર્ષથી મુંબઈની MICL કંપનીમાં પ્લમ્બર તરીકે નોકરી કરતો હતો અને તાડદેવમાં રહેતો હતો. જ્યારે રામુ નરહરિ ભોલા (ઉં.વ.45) ગુના સમયે તે માત્ર 17 વર્ષનો કિશોર હતો. તે ચેમ્બુરની RNA કંપનીમાં છેલ્લાં 18 વર્ષથી પ્લમ્બર છે.

# ABVPના કાર્યકરોએ ભાન ભૂલી કાર રેલી કાઢી

**ગેરકાયદે** રેલીમાં બેફામ રીતે કાર હંકારનારા ચાલકો, કારમાલિકોની ઓળખ શરૂ, પોલીસ ગુનો નોંધશે

સુરતઃ અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદની ડીઆરબી કોલેજ ખાતે દ.ગુજરાત એકમની કારોબારી બેઠક મળી હતી. આ બેઠક પૂર્ણ થયા પછી કાર રેલી નીકળી હતી. જે રેલીનો સોશ્યલ મીડિયા પર વિડીયો વાયરલ થયો હતો. વીડિયોમાં કેટલાક વિદ્યાર્થી કાર્યકર્તાઓ ગાડીની બહાર ઊભા રહીને સ્ટંટ કરતા હતા અને કેટલીક ગાડીઓ બ્લેક ગ્લાસમાં દેખાઈ રહી હતી. જેથી આ મામલે અલથાણ પોલીસે વીડિયોના આધારે કાર્યવાહી શરૂ કરી છે. તપાસ દરમિયાન કાર્યકરોએ પોલીસની પરવાનગી વિના આ રેલી કાઢી હોવાનું બહાર આવ્યું છે.

અલથાણ પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ, એબીવીપીના કાર્યકર્તાઓ દ્વારા મોટી રેલીનું આયોજન કરાયું હતું, જે રેલીમાં કેટલીક ફોરવ્હીલ કારોમાં બ્લેક ફિલ્મ લગાવેલી હતી અને કેટલાક વિદ્યાર્થીઓ કારની બહાર નીકળી નારા લગાવી રહ્યા હોવાનો વિડીયો વાયરલ થયો હતો. વિડીયો અલથાણ વિસ્તારનો હોવાથી પોલીસે તપાસ કરતા માલુમ પડ્યું હતું કે, આજે ડીઆરબી કોલેજ ખાતે એવીબીપીની કારોબારીની બેઠક યોજાઈ હતી, જેમાં કેટલાક હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી.

યુવા શક્તિ, સંસ્કાર અને શૌર્યનું સંગમ

# યુવા મહોત્સવનાં રંગમાં નર્મદ યુનિવર્સિટી રંગાઈ

**૧૩૪ કોલેજોના** ૫૪૦૦ વિદ્યાર્થીઓ ૩૪ સ્પર્ધાઓમાં પ્રતિભા પ્રદર્શિત કરશે; રાજ્ય મંત્રી ડો.જયરામભાઈ ગામીતે ઉદઘાટન કર્યું

સુરતઃ યુવા શક્તિ, સંસ્કાર અને સાંસ્કૃતિક વારસાને એક મંચ પર લાવતો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આયોજિત 52 મો 'રાણી અબક્કાદેવી યુવા મહોત્સવ'શનિવારે ભવ્ય રીતે શરૂ થયો. રમતગમત રાજ્ય મંત્રી ડો.જયરામભાઈ ગામીતે દીપ પ્રગટાવી મહોત્સવનો શુભારંભ કરાવ્યો.

તા.23 ડિસેમ્બર સુધી ઉદ્ઘાટન પ્રસંગે રાજ્ય મંત્રી ડો.જયરામભાઈ ગામીતે પોતાના વિદ્યાર્થી જીવનની યાદોને વાગોળ્યા હતા. યુવા મહોત્સવના પ્રથમ દિવસે 'કળા યાત્રા'વિશેષ આકર્ષણ રહી. આ યાત્રામાં ૨૦ કોલેજોના ૮૭૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રદર્શનીમાં નાગરિક કર્તવ્ય, 'નારી તું નારાયણી', રાણી અબક્કાદેવીનો જીવનસંદેશ - વીરતા અને સ્વાભિમાનની ગાથા, 'એક ભારત - શ્રેષ્ઠ ભારત', નવભારત@૨૦૪૭, 'વંદે માતરમ@૧૫૦', સરદારના સ્વપ્નનું ભારત, 'સ્વદેશી અપનાવો - વિકસિત ભારત બનાવો'જેવા વિષયો પર આધારિત ઝાંખીઓ રજૂ કરવામાં આવી, જે દર્શકોને વિચારપ્રેરક સંદેશ આપતી રહી. આ પ્રસંગે કુલપતિ ડો.કિશોરસિંહ ચાવડા, કુલસચિવ ડો.રમેશદાન ગઢવી, ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### પોરબંદરમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો 2025 હેઠળ વિવિધ કાર્યક્રમ




પોરબંદર, ગુજરાત, 19 ડિસેમ્બર 2025: વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો 2025 હેઠળ પોરબંદરમાં જિલ્લા-સ્તરીય કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. ફૂડ કોન્ક્લેવ, બ્લુ ઇકોનોમી, બાયોટેક અને એગ્રી-પ્રોસેસિંગ સ્ટાર્ટઅપ્સના પ્રદર્શન માટે આયોજિત સેમિનારો માટે એન્ટ્રપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ ઈમ્પ્લીમેન્ટ પાર્ટનર તરીકે કાર્યરત રહ્યું હતું. ફૂડ કોન્ક્લેવમાં મુખ્ય અતિથિ તરીકે ડો. મનસુખ માંડવીયા, માનનીય કેન્દ્રીય મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર, યુવા બાબતો અને રમત ગમત વર્ચ્યુઅલ રીતે ઉપસ્થિત રહ્યા। આ અવસરે માનનીય અતિથિઓમાં શ્રી અર્જુન મોઢવાડિયા, માનનીય મંત્રીશ્રી, વન અને પર્યાવરણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક, ક્લાયમેન્ટ ચેન્જ, ગુજરાત; અને ડો. સુનિલ શુક્લા, મહાનિદેશક, ઈડીઆઈઆઈ ઉપસ્થિત રહ્યા હતા.

### ટાટા SIERRA કાર, દક્ષિણ ગુજરાત માં સૌથી પહેલા શ્રીજી ઓટો માર્ટ પર આવી



સુરતઃ ભારતની અગ્રણી ઓટોમોબાઇલ ઉત્પાદક કંપની ટાટા મોટર્સે પોતાની નવીનતમ ટાટા SIERRA સમગ્ર ભારત માં લોન્ચ કરી છે. જેનો શરૂઆત નો ભાવ માત્ર 11.49 લાખ ESP થી 21.29 લાખ ESP છે. જેમાં મળશે સેગમેન્ટ ના બેસ્ટ ફીચર્સ, વેલકમ અને ગુડબાય ફંક્શન સાથેના લાઈટ સેબર L.E.D DRLS, હોરિઝોન વ્યુ વાળું ત્રણ સ્ક્રીન નું ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ, સેગમેન્ટનું સૌથી મોટું voice command panoramax sunroof,સૌથી ખાસ સુપરગ્લાઇડ સસ્પેન્શન with FDD. આ માટે પીપલોદ ખાતેના શ્રીજી ઓટોમાર્ટ ની વિઝિટ લઈ લાભ લઈ શકાશે.

### ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલે GCERT કલા ઉત્સવમાં બાજી મારી



સુરત જિલ્લાની પ્રતિષ્ઠિત ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ - અંગ્રેજી માધ્યમ, સુરતના વિદ્યાર્થી જયદીપસિંહ વિક્રમસિંહ મહારાણાએ ગુજરાત રાજ્ય શાળાશિક્ષણ અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની કલા ઉત્સવ 2025-26 સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ હવે વિદ્યાર્થી જયદીપસિંહ વિક્રમસિંહ મહારાણા રાજ્ય કક્ષાની સ્પર્ધામાં સુરત જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીશ્રી, કેમ્પસ ડિરેક્ટર, પ્રિન્સિપાલશ્રી માલકમ સાયરસ પાલીયા તથા સમગ્ર સ્ટાફ દ્વારા વિદ્યાર્થીને અભિનંદન પાઠવવામાં આવ્યા અને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે હાર્દિક શુભકામનાઓ આપવામાં આવી.

### વિદ્યાકુંજ અંગ્રેજી માધ્યમમાં ગણિત પ્રદર્શન નું આયોજન કરાયું



આજરોજ વિદ્યાકુંજ માં ગણિત પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના વોચમેન શ્રી અશોકભાઈ દ્વારા આ પ્રદર્શન નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ગણિત પ્રદર્શનમાં ધોરણ ત્રણ થી નવ ના 200થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમાં ૯૦ જેટલા પ્રોજેક્ટ બાળકોએ પ્રસ્તુત કર્યા હતા. પ્રોજેક્ટ કન્વીનર તરીકે શાળાના શિક્ષિકા બેન મલ્લિકાબેન અને માર્ગદર્શક ની ભૂમિકામાં આચાર્ય રીનાબેન ગજ્જરે પોતાના સાથે શિક્ષકો સાથે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રેરણા આપી હતી.

### AM/NS Indiaએ બેટી પઢાઓ સ્કોલરશિપની પહેલ શરૂ કરી



સુરતઃ આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડિયા (AM/NS India) - આર્સેલર મિત્તલ અને નિપ્પોન સ્ટીલ વચ્ચેના સંયુક્ત સાહસ - એ આજે સુરતની સ્થાનિક ઇજનેરી પ્રતિભાને ઉદ્યોગ માટે તૈયાર કરવા, પ્રથમ પ્રકારનો કૌશલ્ય વિકાસ કાર્યક્રમ શરૂ કર્યો છે. કંપનીએ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ અને બેટી પઢાઓ સ્કોલરશિપની પહેલ શરૂ કરી છે. આશુતોષ તેલાંગ, ડિરેક્ટર અને વાઇસ પ્રેસિડન્ટ - એચઆર અને એડમિનિસ્ટ્રેશન, AM/NS Indiaએ જણાવ્યું છે કે, SVNIT સાથેનો કૌશલ્ય વિકાસ કાર્યક્રમ અને બેટી પઢાઓ સ્કોલરશિપ હજીરા અને તેની આસપાસના સમુદાયના વિકાસ માટે શરુ કરાયો છે. હજીરા-કાંઠા વિસ્તારની 872 દીકરી પણ તેમનાં માતા-પિતા સાથે સ્કોલરશિપ સ્વીકારવા હાજર રહી હતી.

### સાર્વજનિક યુનિવર્સિટીમાં AI આધારિત એકેડેમિક-ઇન્ડસ્ટ્રી મીટ



સાર્વજનિક યુનિવર્સિટી, સુરત દ્વારા દક્ષિણ ગુજરાતના વાણિજ્ય અને મેનેજમેન્ટ શિક્ષકો તથા ઉદ્યોગ પ્રતિનિધિઓના પ્રસ્તાવિત ફોરમ અંતર્ગત પ્રથમવાર એકેડેમિક-ઇન્ડસ્ટ્રી મીટનું આયોજન કરીને એક આગવી પહેલ કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત સાર્વજનિક યુનિવર્સિટીના માનનીય પ્રોવોસ્ટ, પ્રોફે. કિરણ પંડ્યા દ્વારા સ્વાગત પ્રવચન સાથે થઈ હતી અને કાર્યક્રમનું ઉદ્ઘાટન સંબોધન ઓરો યુનિવર્સિટીના માનનીય પ્રોવોસ્ટ, પ્રોફે. પરિમલ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તાઓ તરીકે લીડરશીપ કોચ અને ઇન્ક્યુબેટર, શ્રી હિમાન્શુ ભટ્ટ તથા સ્ટકબય.com ના સ્થાપક, શ્રી રચિત ખતોર, ઉપસ્થિત રહી હાજર સભાઓ ને સંબોધન કર્યું અને તેમણે મેનેજમેન્ટ શિક્ષણમાં નેતૃત્વ, નવીનતા અને AI આધારિત પરિવર્તન અંગે મહત્વપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા.

### સુરતમાં બીએનઆઈ દ્વારા રમતોના મેદાન પર એચઆઈવી જાગૃતિનો સંદેશ



સુરત. બિઝનેસ નેટવર્કિંગની જાણીતી સંસ્થા બીએનઆઈ સુરતે રમતોના ઉત્સાહ સાથે સામાજિક જવાબદારીનો અદ્ભુત સંગમ સાધ્યો છે. સુરતમાં આયોજિત વિશાળ સ્પોર્ટ્સ ઇવેન્ટ દ્વારા સભ્યો વચ્ચે નેટવર્કિંગ અને ટીમવર્કને પ્રોત્સાહન આપવાની સાથે એચઆઈવી જાગૃતિનો મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવી રહ્યો છે. આ મેગા ઇવેન્ટ 14 ડિસેમ્બરથી શરૂ થઈ 28 ડિસેમ્બર સુધી ચાલશે.